ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# લો, બોલો ડાંગથી ય ગાંધીનગર પછાત

## જર્જરિત આવાસોમાં રહેતા પરિવારોની ટકાવારી ડાંગ કરતાંય ગાંધીનગરમાં વધુ

સેન્સસ રિપોર્ટમાં એક અંગ્રેજી શબ્દ આવે છે, 'DILAPIDATAD' જેનો ગુજરાતીમાં અર્થ થાય છે : 'જીર્ણ - શીર્ણ - ખંડિયેર હાલતમાં, જર્જરિત, ખખડી ગયેલું કે લઘરા જેવું.' - આ શબ્દ અને તેનો અર્થ એટલા માટે સંદર્ભ ટાંક રૂપે મૂક્યો છે કે ગાંધીનગર જિલ્લામાં અનેક પરિવાર એવા છે કે તેઓ જર્જરિત - ખંડિયેર કે ખખડધજ આવાસોમાં જીવી રહ્યા છે. સેન્સસના આંકડાઓ એમ સ્પષ્ટ દર્શાવે છે.

ગાંધીનગર શહેર અને ગ્રામીણ એટલે કે પૂરાં ગાંધીનગરજિલ્લાના ૫૩૦૦ પરિવારો જીર્ણ-શીર્ણ મકાનોમાં વસવાટ કરી રહ્યા છે. જો શહેરી વિસ્તાર જોઈએ તો ૧૬૦૨ અને ગ્રામીણ વિસ્તાર જોઈએ તો ૩૬૯૮ પરિવારો કાચા આવાસોમાં જીવી રહ્યાં છે. આ પૈકી ૯૧ પરિવારો તો એવા પણ છે કે જેમનું આવાસ રહેવા ઉપરાંત અન્ય કોઈ ઉપયોગ સાથે પણ જોડાયેલું છે.




મકાનોની સ્થિતિના આધારે મળેલી વિગતો મુજબ જોઈએ તો ગાંધીનગરમાં શહેરી પરિવારો ૧ લાખ ૨૬, ૭૪૦ અને ગ્રામીણ પરિવારો ૧ લાખ ૬૦ હજાર ૪૬૦ વસી રહ્યા છે. જેમની કુલ સંખ્યા ૨ લાખ ૮૭ હજાર ૨૦૦ છે. 'ગાંધીનગર' ને જયારે ખુદ ગાંધીનગરમાં રહેતા લોકો દ્વારા અથવા તો ગાંધીનગર સિવાયના લોકો દ્વારા જોવામાં કે સમજવામાં આવે ત્યારે રાજયના પાટનગરના સંદર્ભમાં જ જોવામાં આવે છે પરંતુ જેન્સસના આંકડાઓ દ્વારા કંઈક જુદું ચિત્ર આ સંદર્ભે જોવા મળે છે.

સેન્સસ ૨૦૧૧, ગુજરાત શ્રૃંખલા ૫૦માં ઉપલબ્ધ આંકડાઓના આધારે ગાંધીનગરના શહેર અને ગ્રામીણ વિસ્તારો પૈકી જે પરિવારો જીર્ણ-શીર્ણ આવાસોમાં રહે છે એમની કુલ ટકાવારી ૧.૮૪ ટકા થાય છે. જયારે શહેરી વિસ્તાર અને ગ્રામીણ વિસ્તાર એ મુજબ જોઈએ તો ટકાવારી ૧.૨૬ ટકા અને ૨.૩૦ ટકા થાય છે. આંકડા દર્શાવે છે કે શહેરી સેન્સસ વિસ્તાર કરતાં ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારનાં પરિવારો વધુ પ્રમાણમાં જીર્ણ-શીર્ણ મકાનોમાં જિંદગી બસર કરે છે. ગાંધીનગરના શહેરી વિસ્તારની સરખામણીએ ગ્રામીણ વિસ્તારમાં ખખડધજ આવાસોમાં રહેનારા પરિવારોની સંખ્યા લગભગ બમણી છે. જે દર્શાવે છે કે ગુજરાતનું પાટનગર - ઓળખ ધરાવતો જિલ્લો હોવા છતાં પણ ગ્રામીણ અને શહેરી વિસ્તાર વચ્ચે ભૌતિક સુખસુવિધાઓ બાબતે બહુ મોટી ખાઈ છે. ગ્રામ અને નગર વચ્ચેની વિવિધ નાગરિક અસામાનતાઓ હોય ત્યાં સુધી આપણે સ્થળાંતરનો પ્રશ્ન પણ ઉકેલી ના શકીએ એ સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ સ્પષ્ટ છે.

આમ, જોઈએ તો ગાંધીનગરમાં ખખડધજ મકાનોની સંખ્યા - ૫૩૦૦ બહુ ઓછી લાગે ટકાવારી પણ સાવ જ ઓછી ૧.૮૪ ટકા જ થાય છે. પરંતુ જયારે આ આંકડાઓને અન્ય જિલ્લાના શહેરી ગ્રામીણ વિસ્તારોની સાથે સરખાવીએ તો ગાંધીનગર આદિવાસી

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરને આધાર બેઈઝ્ડ ડીબીટી ક્ષેત્રે મોડેલ ડિસ્ટ્રીક્ટ બનાવાશે

## દર માસની ૧લી તારીખે સરકાર દ્વારા વિશેષ મોનીટરીંગ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાને ૧૦૦ ટકા આધાર બેઈઝ્ડ ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર માટે મોડેલ ડિસ્ટ્રીક્ટ બનાવવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. આ માટે જિલ્લાતંત્રને પણ તે અંગેનો રોડમેપ તૈયાર કરી તાકીદે રજુ કરવા માટે જણાવાયું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આધાર એનરોલમેન્ટ ૧૦૦ ટકા કરવા ઉપરાંત કોન્વીહેન્સીવ એમ.આઈ.એસ., આઈ.ટી. પ્લેટફોર્મ, એડીકવેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્પોર્ટ તેમજ ડેશબોર્ડ, ઈન્સેટીવ એવોર્ડ વિગેરે બાબતે જુદા જુદા પ્રકારની કાર્યવાહી કરવા માટે સંબંધિત વિભાગોને જાણ કરી આખો રોડમેપ તૈયાર કરવા જણાવાયુ છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે જુદી જુદી ૧૯ જેટલી યોજનાઓને આવરી લઈ બેંકો સાથે સબસીડી મેળવવા લાભાર્થીઓની વિગતો પણ તૈયાર કરી અને તેની અદ્યતન વિગતો આપવા માટે પણ અલગથી સુચનાઓ અપાઈ છે.

ગાંધીનગર જિલ્લાને મોડેલ ડિસ્ટ્રીક્ટ તરીકે કેન્દ્ર સરકાર ડિસેમ્બર-૨૦૧૮ પહેલાં રજુ કરવા માંગે છે. જિલ્લામાં આધાર નોંધણીની કામગીરી ૭૦ ટકાથી ઉપરની થઈ છે. રાજયમાં સૌથી વધુ સાક્ષરતા આ જિલ્લામાં હોઈ સરકારે આ જિલ્લા પર પસંદગી ઉતારી છે.

સરકારના વિશ્વસનીય સાધનોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના અધિકારીઓની ટીમ સાથે પ્રાથમિક વાતચીત થઈ ગયા બાદ સપ્ટેમ્બરના અંત સુધીમાં આખો રોડમેપ તૈયાર કરી સુપ્રત કરી દેવાશે. આના પછી જિલ્લાને મોડેલ ડિસ્ટ્રીક્ટ તરીકે ઘોષિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે દર માસની ૧લી તારીખે રાજય સરકાર દ્વારા આ અંગે વિશેષ મોનીટરીંગ પણ કરવામાં આવનાર છે. આ માટે જિલ્લાના ૧૬ વિભાગોના અધિકારીઓની તાજેતરમાં જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે એક મહત્વની બેઠક પણ થઈ ગઈ છે. આ દિશામાં તૈયારીઓ ઝડપથી કરવા તંત્રના અધિકારીઓને કડક તાકીદ કરાઈ છે.

# સાંસદ પરેશ રાવલ સામે સ્થાનિક નેતાઓનો નિરીક્ષકો સમક્ષ વિરોધ

ગાંધીનગર, તા. ૧૨

અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક માટે આવેલ ભાજપના નિરીક્ષકો સામે વર્તમાન સાંસદ પરેશ રાવલ સામે ભારે અને ઉગ્ર વિરોધની લાગણી કાર્યકરોએ વ્યક્ત કરી સ્થાનિક ઉમેદવારની પસંદગી કરવામાં આવે તેવો મત વ્યક્ત કર્યો હતો.

અમદાવાદ પૂર્વમાં જિલ્લાના બે વિધાનસભા મત વિસ્તારો ગાંધીનગર (દ) અને દહેગામ આવે છે. ગઈકાલે ગાંધીનગર(દ) બેઠકમાં રજુઆતો સાંભળવા માટે ગિયોડ અંબાજી માતાના મંદિર નજીકનું સ્થળ પસંદ કરાયુ હતુ અને દહેગામમાં પણ હાઈવે નજીકનું સ્થળ પસંદ કરાયુ હતુ અને તેમાં માત્ર અપેક્ષિત આગેવાનો જ બોલાવવામાં આવ્યા હતા.

વર્તમાન સાંસદ સામેની ઉગ્ર વિરોધની લાગણી જોઈ પ્રદેશ આગેવાનો પણ ચોંકી ઉઠ્યા હતા. તેમણે આગેવાનોના રોષને ઠંડો પાડી અને તેમની લાગણીને યોગ્ય

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદની જોવાતી રાહ

## વધતા બફારા વચ્ચે આખો દિવસ વાદળોની અવરજવર રહી : ખેડૂતો અને વસાહતીઓ આકાશ તરફ મીટ માંડીને બેઠા છે



ગાંધીનગર, તા. ૧૨

આ વર્ષે મેઘરાજાએ રીસામણુ કર્યુ હોય તેમ વરસવાનુ નામ લેતો નથી. છેલ્લા કેટલાય દિવસોથી વરસાદનું એક ઝાપટુ પણ પડ્યું નથી. આજે આખો દિવસ વાદળોની અવરજવર રહેતા વરસાદની આશા પુનઃ બંધાઈ છે. વસાહતીઓ અને ખેડૂતો વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાય દિવસોથી વરસાદ હાથતાળી આપી રહ્યો છે. વરસાદની સિઝનના પ્રારંભથી જ કાળા ડિબાંગ વાદળો આકાશમાં ઘેરાઈ આવે છે અને હમણાં વરસાદ તુટી પડશે એવુ લાગે. જોકે ચોમાસાની સિઝન અડધી પૂર્ણ થઈ હોવા છતાં હજુ સુધી જોઈએ તેવો વરસાદ પડ્યો નથી. ખેડૂતો વાવણી કરીને બેઠા છે અને વરસાદની રાહ જોઈ રહ્યા છે.

છેલ્લા એક અઠવાડિયાથી જોરદાર તડકો પડી રહ્યો છે. જો કે ગઈકાલ સાંજથી પુનઃ વરસાદી વાતાવરણ બંધાયુ છે. આકાશમાં વાદળોની અવરજવર ચાલુ રહી હતી. કાળાડિબાંગ વાદળો અવારનવાર ઘેરાઈ આવતા હતા. બફારો પણ ખૂબ અનુભવાતો હતો. હમણાં જ વરસાદ તુટી પડશે

● અનુસંધાન પાન-૭ પર

# ઓરી-રૂબેલા રસીકરણમાં હવે ખાનગી બાળ-રોગ નિષ્ણાતોને જોડાશે

## રાજ્ય સરકારે સમીક્ષાને અંતે લીધેલ મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ચાલી રહેલ મિઝલ્સ-રૂબેલા રસીકરણ અભિયાનમાં હવે ખાનગી બાળરોગ નિષ્ણાતોને સાંકળવાનો પણ મહત્વનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

રાજ્યભરમાં ખાનગી બાળરોગના નિષ્ણાતોને સાંકળી આગામી દિવસોમાં આ રસીકરણ અભિયાનને સઘન બનાવવાની દિશામાં સરકાર આગળ વધવા માગે છે. આ માટે રાજ્યના આરોગ્ય કમિશ્નરશ્રીની કચેરીથી સત્તાવાર જાણ પણ દરેક જિલ્લાને કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ રસીકરણ અભિયાનમાં ૪૦ ટકાથી પણ વધુ લોકો દ્વારા જોડાવાનો ઈન્કાર કરવામાં આવી રહ્યો છે. દરેક જિલ્લામાં આ પ્રકારની સ્થિતિથી રાજ્યકક્ષાએ સમીક્ષા દરમ્યાન ચિંતાની લાગણી જોવા મળી હતી.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૫ જુલાઈથી રાજ્યભરમાં આ અભિયાનનો આરંભ થયો છે. એક એવી પણ વિચારણા ચાલી રહી છે કે જે વિસ્તારોમાં રસીકરણના અભિયાનનો વિરોધ વધુ છે ત્યાં પુનઃ અભિયાનનું આયોજન કરવુ તેમજ આ વિસ્તારોમાં અભિયાનને પ્રતિસાદ સારો મળી રહે તે માટે બેઠકોનો સિલસિલો વધારવો અને અધિકારીઓએ તેમાં હાજરી આપવી. જરૂર પડ્યે નાટક, ભવાઈ જેવા કાર્યક્રમોનું આયોજન કરી અને લોકોને સમજૂત કરવા માટેનું આખુ અભિયાન છેડવામાં આવે.

# શહેરના ઝુંપડપટ્ટી વિસ્તારમાંથી વધુ ૧૫૭ કેસ તાવના મળ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ ગણાતી ઝુંપડપટ્ટી વિસ્તારનું સર્વેલન્સ શહેરી વિસ્તારની મેલેરિયાતંત્રની ટીમો દ્વારા કરી ૧૫૭ જેટલા તાવના દર્દી શોધી ગાઢવામાં આવ્યા છે.

શહેરી મેલેરીયાતંત્રની ટીમના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હાલની પરિસ્થિતિ મચ્છરની ઉત્પત્તિ અને વાહકજન્ય રોગચાળા માટે સૌથી સાનુકૂળ હોવાથી આ વિશેષ સર્વેલન્સ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે.

તંત્રના સૂત્રોએ આ મળી આવેલા તાવના દર્દીઓમાં કોઈને મેલેરિયા પોઝીટીવ જણાયો કે કેમ ? તે અંગે મૌન સેવ્યુ છે. જોકે તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે મળી આવેલા મચ્છરોના બ્રિડીંગને પગલે એન્ટીલારવેલ અને ફોગીંગની કામગીરી જરૂર કરવામાં આવી છે.

સે. ૧૩, ૧૪, ૬, ૭, ધોળાકુવામાં આવેલ ઝુંપડપટ્ટી વિસ્તારમાં આ સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ હતુ. આ સર્વેલન્સ આગામી દિવસોમાં શહેરના અન્ય વિસ્તારોમાં આવેલી ઝુંપડપટ્ટી વિસ્તારમાં પણ ચાલુ રહેશે તેમ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

તંત્રની ટીમો દ્વારા શોધી કઢાયેલ ૧૫૭ દર્દીઓના લોહીના નમૂના લેવામાં આવ્યા છે અને તે પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

શહેરમાં વાઈરલ ફિવરની બિમારીના કેસો પણ વધી રહ્યા છે. જો કે જે રીતે વાતાવરણ ભેજવાળુ પ્રવર્તી રહ્યુ છે તેને કારણે છુટાછવાયા કેસો મેલેરિયાના નોંધાવાના ચાલુ થયા હોવાનું પણ સિવિલના સૂત્રોએ જણાવ્યુ છે.

# જિલ્લા પંચાયતમાં રાજીનામાનો સિલસિલો આજે પણ ચાલુ રહેશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની નવી રચાયેલી સમિતિઓમાંથી આજે વધુ કેટલાક સભ્યો નારાજગીની અભિવ્યક્તીના ભાગરૂપે સમિતિના સભ્યપદેથી રાજીનામા આપશે.

જિલ્લા પંચાયતની ગત ૧૦મીએ મળેલી સામાન્યસભામાં સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ સમિતિઓની રચના સામે ૪ સભ્યોએ નારાજગી વ્યક્ત કરી સમિતિના સભ્યપદેથી રાજીનામા આપતા રાજનામાના પત્રો આપી દીધા હતા. મળતી વિગતો પ્રમાણે આજે વધુ કેટલાક સભ્યો રાજીનામા આપનાર છે. કોંગી નેતાઓ આ સામે સક્રિય જરૂર થયા છે પણ સભ્યો માન્યા નથી અને આજે ૪ થી વધુ સભ્યો રાજીનામા આપે તેવી શક્યતાઓ છે. આજે રાજીનામુ આપનારા સભ્યોમાં પૂર્વ પ્રમુખ રામાજી ઠાકોરનું નામ સૌથી આગળ લેવામાં આવી રહ્યું છે.

જિલ્લા પંચાયતમાં નવી સમિતિઓની રચનાને લઈ ઉભો થયેલો વિરોધ વંટોળ આગામી દિવસોમાં મોટુ સ્વરૂપ લે તેવી શક્યતાના સંકેતો પણ જિલ્લાના રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે. કેટલાક સભ્યોને એકની એક સમિતિમાં જ રીપીટ કરવામાં આવ્યા હોવાથી નારાજગીનું પ્રમાણ વિશેષ જોવા મળી રહ્યું છે. આજે જો રાજીનામાનું ત્રાગુ ચાલુ રહેશે તો સમિતિની પ્રથમ બેઠકમાં કદાચ સમિતિની રચનાને લઈ જે કોરમ થવુ જોઈએ તે પણ ન થતાં જિલ્લામાં રાજકીય સંકટના વાદળો ઘેરા બનશે તેમ સ્પષ્ટ મનાઈ રહ્યું છે.

# જાહેર નોટીસ

આથી અમો નીચે સહિ કરનાર એડવોકેટ અમૃતભાઈ વી. ઠાકોર, મુ. તા. માણસા, જિ. ગાંધીનગરના તે અમારા અસીલ શ્રી ઠાકોર મનુજી ડાહ્યાજી, રહે. રાંધેજા, તા. જિ. ગાંધીનગરવાળાઓની સૂચના, ફરમાઈશ અને સંતિથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

મોજે ગામ રાંધેજા, તા. જિ. ગાંધીનગરના ખાતા નં. ૭૭૬, બ્લોક / સર્વે નં. ૨૭૪૦ તથા બ્લોક / સર્વે નં. ૨૭૪૨, બ્લોક / સર્વે નં. ૨૭૫૧ તથા બ્લોક / સર્વે નં. ૨૭૫૯ તથા બ્લોક / સર્વે નં. ૨૭૬૦ તથા બ્લોક / સર્વે નં. ૨૭૮૫ વાળી જમીન અંગે વારસાઈ નોંધ નં. ૧૪૩૫૭, ના. મામલતદારશ્રી ગાંધીનગરના તકરારી કેસ નં. ૧૦૧/૨૦૧૮ના નિર્ણય સામે મે. પ્રાંત અધિકારી સાહેબશ્રી, ગાંધીનગરનાઓ સમક્ષ આર.ટી.એસ./અપીલ/કેસ નં. ૧૯૬/૨૦૧૮ના કામે ઉપરોક્ત સર્વે નંબરોવાળી જમીનો અંગે મનાઈ હુકમની માંગણી ગ્રાહ્ય રાખી સદર જમીનોમાં કોઈપણ પ્રકારની તબદીલી કે અન્ય કોઈપણ પ્રકારના ફેરફારો ન કરવા અંગે હંગામી મનાઈ હુકમ તા. ૨-૮-૨૦૧૮ના રોજ મે. પ્રાંત અધિકારીશ્રીની કોર્ટથી આપવામાં આવેલ છે. જેથી સદર જમીનો અંગે કોઈપણ જાતના વેચાણ, ગીરો, બક્ષિસ, બાનાખત કે અન્ય કોઈપણ પ્રકારના તબદીલીના કે ફેરફારો કરવા અંગેના વ્યવહારો કોઈપણ વ્યક્તિ, ઈસમો કે સંસ્થા કે અન્ય કોઈપણ વ્યક્તિ સાથે કરવા - કરાવવા નહિ જેની નોંધ જાહેર જનતાએ તથા લાગતા - વળગતા તથા તલાટી કમ મંત્રીશ્રી, રાંધેજાનાઓએ તથા નાયબ મામલતદારશ્રી, ગાંધીનગર (ઈ-ધરા)નાઓએ, મામલતદારશ્રી, ગાંધીનગરનાઓએ સ્પષ્ટ અને ગંભીર રીતે નોંધ લેવી અને જો તેમ કરવામાં કસૂર થયે જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૧૦/૮/૨૦૧૮
સ્થળ : માણસા

અસીલશ્રીની સચૂના અને ફરમાઈશથી
મારી મારફતે
અમૃતભાઈ વી. ઠાકોર (એડવોકેટ)

ઓફિસ : બાલાજી કોમ્પ્લેક્ષ, નરનારાયણ હોસ્પિટલ સામે, કોઈ રોડ, મુ. તા. માણસા, જિ. ગાંધીનગર. મો. : ૯૮૨૫૬ ૭૫૭૨૬

## આઠમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. વસુબેન નારણભાઈ ચુડાસમા**

સ્વ. તા. ૧૩-૮-૨૦૧૦, જન્મ તા. ૭-૬-૧૯૫૦

સત્યગુરૂ ઈતના દીજીએ જ્યાં મેરા કુટુંબ સમાય
મેં ભલા ભુખા રહુ મેરા સંત ભુખ્યા ન જાય.

આપના દિવ્ય ઉચ્ચ સંસ્કારો, પ્રેરક આદર્શો, કર્તવ્ય નિષ્ઠા, સેવાભાવના અને આપના અવિરત પરિશ્રમ દ્વારા અમોને મળેલ સફળતા, શ્રેય, આપે આદરેલા અને સતત જીવનભર ચલાવેલા કર્મયજ્ઞની ફળશ્રુતિ છે. અમે આપના અત્યંત ઋણી છૂએ.

જગતનિયંતા પરમાત્મા આપના પુણ્યશાળી આત્માને ચીરદાયી શાંતિ અર્પે એ જ અભ્યર્થના

આપના અત્માને કોટિ કોટિ વંદન...

લિ.

નારણભાઈ બી. ચુડાસમા
જીતેન્દ્ર, રાજેશ, શૈલેષ, સંજય (પુત્રો)
દક્ષાબેન (પુત્રી), જયેશકુમાર (જમાઈ), રૂદ્ર (ભાણો), મણીબેન (નણંદબા)
માયાબેન, કનુબેન, ઉષાબેન, સ્મૃતિબેન (પુત્રવધુઓ)
નિશા, નિધિ, નૈયત્રી, પ્રિયા, હાર્દિકા, નેહા, આયુશી, પ્રાર્થના (પૌત્રીઓ)
માનુષ, તીર્થ, વૈભવ, યુવરાજ (પૌત્રો)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT



તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com